અપીલ અરજી નં.૪૪૨ તા.૧૮–૩–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૮–૨–૧૦ ની અરજીથી સાઉથ ઈસ્ટ લીંબાયતઝોન વિસ્તારમાં પરવાનગી વિનાના, માર્જીનવાળી જગ્યામાં સીઓપીની જગ્યામાં,સરકારી જગ્યામાં થયેલ ગેરકાયદેથી બાંધકામોમાં શહેર વિકાસ અધિકારીઓ ધ્વારા શું શું કાર્યવાહી થઈ છે? કેટલા બાંધકામો છે? કેટલાને નોટીસ આપી છે? નોટીસ પછી શું કાર્યવાહી થઈ છે? કેટલા બાંધકામો અટકાવ્યા છે? અટકાવેલા બાંધકામ અટકયા છે કે પુર્ણ થયેલ છે? કેટલા બાંધકામો દુર કરેલ છે. તમામ શહેર વિકાસ અધિકારીઓના નામ સાથે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૨/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૮–૨–૧૦ ની અરજીથી સાઉથ ઈસ્ટ લીંબાયતઝોન વિસ્તારમાં પરવાનગી વિનાના, માર્જીનવાળી જગ્યામાં સીઓપીની જગ્યામાં,સરકારી જગ્યામાં થયેલ ગેરકાયદેથી બાંધકામોમાં શહેર વિકાસ અધિકારીઓ ધ્વારા શું શું કાર્યવાહી થઈ છે? કેટલા બાંધકામો છે? કેટલાને નોટીસ આપી છે? નોટીસ પછી શું કાર્યવાહી થઈ છે? કેટલા બાંધકામો અટકાવ્યા છે? અટકાવેલા બાંધકામ અટકયા છે કે પુર્ણ થયેલ છે? કેટલા બાંધકામો દુર કરેલ છે. તમામ શહેર વિકાસ અધિકારીઓના નામ સાથે માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૩૬૭ તા.૯–૩–૧૦ થી આપેલ માહિતી ગોળ ગોળ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૦૩ તા.૩૦–૩–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિ તી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના પત્ર મુજબ સમયગાળો આપી માહિતી મેળવવા કે દફતરી તપાસણી ધ્વારા માહિતી મેળવવાનો પ્રયત્ન કરેલ છે કે કેમ? તે અંગેની વિગત પૂરી પાડવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૦૭ તા.૮–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ , અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૩૬૭ તા.૯–૩–૧૦ ના પત્રની નકલ, તથા યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ તેમજ અરજદારને ઈન્સ્પેકશન અંગે પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૬ તા.૮–૪–૧૦ ના પત્રની નકલ તથા યુપીસી કર્યાના પુરાવાની નકલ ઉધનાઝોન તરફથી લીબાયતઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/૧૯૦૩ તા.૯–૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૮–૨–૧૦ ની અરજીથી નિર્દિષ્ટ વિષય બાબતે ૨૦૦૯ માં કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો પરિબળો અને જે તે અધિકારીઓના નામ સહિતની માંગતી અરજી કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૩૬૭ તા.૯–૩–૧૦ થી " સાઉથ ઈસ્ટઝોન (લીંબાયત) વિસ્તારમાં પરવાનગી વિનાના , માર્જીનવાળી જગ્યામાં, સીઓપીની જગ્યામાં તથા સરકારી જગ્યામાં થયેલ ગેરકાયદેસર બાંધકામોમાં બીપીએમસીએકટની કલમ અંગેની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આ પ્રકારના બાંધકામો અન્વયેનો કોઈ રેકર્ડ કચેરી ઉપલબ્ધ નથી. આપવામાં આવેલ નોટીસ અંગેનો સમયગાળો જણાવ્યેથી માહિતી ઉપલબ્ધ થઈ શકે. વધુમાં આ પ્રકારના બાંધકામો કેટલા અટકાવેલ છે કે કેટલા પૂર્ણ થયેલ છે જે અંગેનો રેકર્ડ કચેરીએ ઉપલબ્ધ નથી. દુર કરેલ બાંધકામ અંગેનો સમયગાળો જણાવ્યેથી માહિતી પૂરી પાડી શકાશે. કચેરીના ઝોનમાં કોઈ શહેર વિકાસ અધિકારી નથી. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૬–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી તા.૯–૩–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી ધ્વારા નમુના 'ક' વાંચ્યો નથી અને ગોળ ગોળ જવાબ આપેલ છે પરંતુ ખરેખર જે માહિતી અપવી જોઈએ તે આપી નથી માટે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. વધુમાં માહિતી નહીં આપનારને દંડ થાય તેવી રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે પાઠવેલ પત્રનો માહિતીના સમયગાળાની કે ઈન્સ્પેકશન બાબતે કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં. નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૬ તા.૮–૪–૧૦ ના પત્રથી એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઉપરોકત વિષય બાબતનો અલગથી ખાસ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. તેમજ કચેરીના સમગ્ર લીંબાયતઝોન અંગેની વિષયમાં જણાવેલ માહિતી વિસ્તૃત પ્રકારની હોય તે અંગે ઝોનના સમગ્ર શહેર વિકાસ વિભાગના ઉપલબ્ધ જે તે દફતરી રજીસ્ટરો /નકશાઓ /રજાચિઠ્ઠીઓ/લે આઉટ પ્લાનો/નોટીસો વિગેરે અંગેની સમગ્ર ફાઈલોનું દફતરી ઈન્સ્પેકશન સ્વયં રૂબરૂ આવી કરી જવા વિનંતી કરી સાથે તા.૧૭–૪–૧૦ ના રોજ સાંજે ૪ થી ૬ ના સમય દરમ્યાન કચેરીએ જઈ દફતરી તપાસણી કરી જવા પણ અરજદારને સૂચિત કરેલ. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે અરજદારને જણાવવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ માહિતી બાબતે ઈન્સ્પેકશની તૈયારી બતાવેલ છે પરંતુ અરજદારે તે મેળવેલ છે કે કેમ? જે બંને પક્ષકારો પૈકી કોઈએ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ અને તે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે ઈન્સ્પેકશન પુરું પાડવા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૬ તા.૮–૪–૧૦ થી તૈયારી  દર્શાવેલ છે.  જેથી જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા અનુસાર જે અરજદારે તા.૧૭–૪–૧૦ ના રોજ આપેલ સમયે દફતરી તપાસણી મેળવેલ ન હોય તો અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન  દિન–૭ માં બાબત હેઠળની મિલ્કતના સબંધિત દફતરનું  ઈન્સ્પેકશન  કરી જરૂરી માહિતી લાગુ  કિસ્સામાં  કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી/ચાર્જ અરજદારે  ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :   –૪–૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,